

રાધનપુર ખાતે અર્બુદા ઈન્ડસ્ટ્રીઝ (પ્રોસેસીંગ ઓફ એગ્રો પ્રોડકટસ)નું ઉદઘાટન વાવ-ધારાસભ્ય, પ્રદેશ ભાજપ મહામંત્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રાધનપુર-ધારાસભ્ય નાગરજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતાં.

## ધનસુરામાં ખોરંભાયેલા ગટર યોજનાના અધુરા કામો પૂર્ણ કરવા લેખિત રજૂઆત

ધનસુરા, તા. ૧૦

ધનસુરામાં થઈ રહેલ ગટર યોજનાના કામો બરોબર ચોમાસા પહેલા કોન્ટ્રાક્ટરો દ્વારા અધુરા મુકી દેવાતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. અને અધુરા કામો પૂર્ણ કરવા સ્થાનિક તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા નગરમાં એક વર્ષ અગાઉ સરકાર બે ગટર યોજનાના કામો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. થોડા સમય પહેલા સ્થાનિક તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટરોને કામ આપી કામ શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ બરોબર ચોમાસા પહેલા જ કોન્ટ્રાકટરોએ અગમ્ય કારણોસર ગટરયોજનાના કામ અધુરા છોડી દીધા છે. ગામમાં ગટર લાઈન માટે તોડી નાખવામાં આવેલા માર્ગો પણ બિસ્માર બની ગયા છે. જેથી સ્થાનિકોને વાહન લઈ કે ચાલતા અવર-જવરમાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આથી સ્થાનિકોએ આજે આ મામલે ઉગ્ર રોષ વ્યકત કરી ગ્રામપંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલને લેખિત રજૂઆત કરી હતી. પરિણામે સરપંચે આ રજૂઆતને ધ્યાને લઈ જિલ્લાના જવાબદાર અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી બન્ને ગટર યોજનાના ખોરંભાયેલા કામો સત્વરે શરૂ કરવા માંગણી કરી છે.

# ઈડરમાં પથ્થર તોડવા ધડાકા કરતા એક શખ્સની આત્મ વિલોપનની ચીમકી

હિંમતનગર, તા.૧૦

ઈડરની શિવમ સોસાયટીના કોમન પ્લોટમાં વર્ષોથી પડેલા પથ્થરની શિલાઓને તોડવા માટે એક રહીશ દ્વારા અવારનવાર ધડાકા કરી લોકોને હેરાનગતિ કરાતા એક રહીશે તાજેતરમાં આ ધડાકા બંધ કરાવવા માટે કરેલી રજુઆત બાદ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા તેણે જિલ્લા પોલીસવડાને જાણ કરી આત્મવિલોપન કરવાની ચીમકી આપી હતી. જેથી હરકતમાં આવેલા પોલીસ તંત્રએ સોમવારે ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપતા મામલો થાળે પડયો હતો.

આ અંગેની વિગત એવી છે કે ઈડરના આનંદનગર પાસે આવેલ શિવમ સોસાયટીના કોમન પ્લોટમાં વિષ્ણુભાઈ ન્હાનાલાલ ઉપાધ્યાયે પથ્થરની શિલાઓને તોડવા માટે ભરતભાઈ રાવલ દ્વારા અવારનવાર ધડાકા કરવામાં આવતા હતા. જેના લીધે પથ્થરોના રજકણો ઉડવાથી અન્ય લોકોને નુકશાન થતું હતું. જે અંગે ભરતભાઈનું ધ્યાન દોરવા છતાં તેમણે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. જેથી વિષ્ણુભાઈ ઉપાધ્યાયે આ અંગે ઈડર નગરપાલિકા, મામલતદાર તથા પ્રાંતને લેખિત રજુઆત કરી હોવા છતાં કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. જેથી તેમણે મહેસુલ વિભાગ ગાંધીનગરને આત્મવિલોપનની ચીમકી આપતો પત્ર લખ્યો હતો. જે અંગે સાબરકાંઠા જિલ્લા પોલિસવડાને જાણ કરાતા તરત જ ભરતભાઈ રાવલ વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપ્યા બાદ વિષ્ણુભાઈ ઉપાધ્યાયે સોમવારે આત્મવિલોપનની ચીમકી પાછી ખેંચી લીધી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### લક્ષ્મીપુરાથી કરૂન્ડા રોડના કામમાં હોતી હૈ ચલતી હૈ

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરાથી કરૂન્ડા માર્ગનું કામ ચાલી રહ્યું છે. જમાં નદી ઉપર ડીપના કામથી ૫૦ ફૂટ દૂર પ્રોટેકશન દિવાલનું કામ ચાલુ છે. આ કામમાં સિમેન્ટ કપચી કરતા રેતી વધારે વપરાય છે આ દિવાલ કેટલો સમય ટકશે? કોન્ટ્રાકટરો મનમાની કરી પોતાના ખિસ્સા ભરવામાં મશગુલ હોય તેમ જણાય છે.

## પ્રાંતિજ નજીક માર્ગ પર પાર્ક કરેલી ટ્રકની ઉઠાંતરી

પ્રાંતિજ, તા.૧૦

પ્રાંતિજ પાસે આવેલ ચંચળવા નગરમાં માર્ગ નજીક પાર્ક કરેલ આઠ લાખની કિંમતની ટ્રકની કોઈ ઉઠાંતરી કરી જતા પ્રાંતિજ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાંતિજ પાસે ચંચળવાનગરમાં વળાંકની જોડે માર્ગની નજીક હોટલની આગળ ટ્રકના ચાલકે લેલન ટ્રક નં. જીજે-૯ ઝેડ ૪૧૨૮ પાર્ક કરી હતી અને હોટલમાં ગયો. બસ આજ અરસામાં કોઈ ચોર ઈસમો રૂ. ૮ લાખની કિંમતની આખી ટ્રક ઉઠાંતરી કરી ગયા હતા. બાદમાં ટ્રક ચાલકે આસપાસમાં તપાસ કરતા ટ્રક નજરે ન પડતા આખરે ટ્રક માલિક રવિકુમાર દિનેશભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ મથકમાં ટ્રક ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. જેની ફરિયાદ લઈ પોલીસે ટ્રકની ચોરી કરનારની શોધખોળ હાથ ધરી છે.

# પ્રાંતિજના ઐતિહાસિક રેલવે સ્ટેશનની સેવાઓ ફરી ચાલુ થતા લોકોમાં આનંદ

પ્રાંતિજ, તા.૧૦

પ્રાંતિજમાં અંગ્રેજો વખતની ચાલી આવતી રેલવે સેવાને સ્થગિત કર્યા બાદ હવે ફરી શરુ કરવામાં આવતા પ્રાંતિજ સહિતના પંથકમાં ખુશી અને આનંદનો માહોલ જોવા મળ્યો છે. જાન્યુઆરી સુધીમાં રેલવે સ્ટેશનની બંધ કરાયેલી તમામ સેવાઓ પુનઃ કાર્યરત થશે જેનો લાભ મુસાફરોને મળશે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ઐતિહાસિક ૧૧૮ વર્ષ જુનું રેલવે સ્ટેશન આવેલું છે. જેને રેલવે તંત્ર દ્વારા સેવાઓ થોડા સમય પહેલા સ્થગિત કરવામાં આવી હતી. આ સ્થગતિ કરાયેલી સેવાઓને પરત મેળવવા સાબરકાંઠાના સાંસદ તેમજ ધારાસભ્ય એ તાલુકાની પ્રજાને સાથે રાખી જન આંદોલન છેડયું હતું અને રેલ રોકો જેવા કાર્યક્રમો પણ આપવામાં આવ્યા હતા.

જયારે આખરે તંત્રએ નમતું વલણ દાખવી જાન્યુઆરી માસના અંત સુધીમાં સેવાઓ પુનઃ ઉપલબ્ધ કરી આપવાની ખાત્રી આપી અને રેલવે સ્ટેશન ઉપર લઈ જવાયેલી સામગ્રી પરત લાવતા પ્રાંતિજ તથા પંથકવાસીઓમાં આનંદ છવાયો છે.

# સવાસલા કંપામાં સોનાના દાગીના ધોવાના નામે ઠગાઈ કરવા આવેલા ત્રણ શખ્સ પકડાયા

હિંમતનગર, તા. ૧૦

વડાલી તાલુકાના સવાસલા કંપામાં મંગળવારે સોનાના દાગીના ધોવાના બહાને આવેલા ત્રણ શખ્સોએ એક વૃદ્ધા સાથે છેતરપીંડી કરવાનો પ્રયાસ કરતા ગ્રામજનોને ખબર પડી ગઈ હતી. જેથી તરત જ વડાલી પોલીસને બોલાવી ત્રણેય શખ્સોને પકડી સોંપી દેવાયા હતા. જે અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે સવાસલા કંપામાં રહેતા દેવજીભાઈ કરશનભાઈ પટેલના પત્નિ બંસીબેન મંગળવારે સવારે ઘરે એકલા હતા. દરમિયાન બાઈક નંબર જીજે-૭-એ.પી.૭૯૫૯ પર ત્રણ શખ્સો તેમના ઘરે આવ્યા હતા અને કહ્યું હતું કે અમો સોના-ચાંદીના દાગીના ધોઈ ચકચકિત બનાવી આપીએ છીએ તેમ કહી બંસીબેનને પ્રલોભન આપ્યું હતું. છતાં આ ત્રણેય શખ્સોએ તેમને મનાવી લઈ સોનાની બંગડીઓ, દોરો તથા પગમાં પહેરવાના ઝાંઝર ધોવા માટે લીધા હતા. બીજી તરફ વૃદ્ધાને જાણે કે કોઈ ભાન રહ્યું ન હોય તેમ તેણી મૂંગા બની ગયા હતા. દરમિયાન તેમનો પૌત્ર કિરણભાઈ એકાએક ઘરે આવી ચઢ્યો હતો અને તેણે દાગીના ધોતા ત્રણ શખ્સોને જોતા તેમના પર શંકા ગઈ હતી. જેથી કિરણભાઈએ તરત જ આ અંગે ગ્રામજનોને બોલાવી દીધા હતા. ત્યારબાદ ગ્રામજનોએ આ ત્રણેય શખ્સોને પુછતાછ કરી હતી. તેમ છતાં કોઈ સંતોષકારક જવાબ આપ્યા ન હતા. જેથી તરત જ વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરી પોલીસને બોલાવી ત્રણેય શખ્સોને સોંપી દીધા હતા. ત્યારબાદ પોલીસે તેમની પુછપરછ કરતા એક સંજયભાઈ સદાનંદ ગુપ્તા (રહે. જગદંબાનગર સોસાયટી, નડિયાદ) અને બીજા દિનેશભાઈ શંકરભાઈ કંસારા(રહે. નડિયાદ), પ્રવિણભાઈ જગદીશભાઈ કંસારા (રહે. નડિયાદ) હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે તેમની વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં ચોરીના ચાર બનાવો નોંધાયા

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં રવિવારની રાત્રી દરમિયાન ઈડર તાલુકામાં એક સોનાના દોરાની તડફંચી અને એક મંડળીમાં ઘી ના પાઉચની મળી બે, હિંમતનગરમાં એક ઘરફોડ અને પ્રાંતિજમાં એક વાહન ચોરી મળી ચાર બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ચાર દિવસ પહેલા પણ હિંમતનગરમાં એક ટ્રક ચોરી અને ઘરફોડ ચોરી થઈ હતી. આ ચારેય ચોરી અંગે સોમવારે ફરિયાદ નોંધાઈ હતી. ચાર દિવસની અંદર ચોરીના બનાવો બનતા પોલીસની નિષ્ક્રિયતા જણાઈ રહી છે.

બનાવની વિગત એવી છે કે ઈડરના કલરવ સોસાયટીમાં રહેતા ઈન્દુબેન સુથાર ગત મંગળવારના સાંજ સુમારે દુરદર્શન ટાવર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સામેથી બાઈક પર હેલ્મેટ પહેરેલ એક અજાણ્યો ઈસમ પાસે આવી મહિલાને પાળી નાખી બે તોલાનો સોનાનો દોરો કિંમત રૂ. ૨૫ હજારનો તોડી નાસી ગયો હતો. બનાવ ઈડર પોલીસમથકે મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. તો બીજો ચોરીનો બનાવ ઈડર તાલુકાના લેઈ ગામની દૂધ મંડળીની ઓફીસના દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ અંદરથી ઘી ના પાઉચ અને ટીન મળી કિંમત રૂ. ૨૧ હજાર ૬૪૦ અને રોકડ ૨૮ હજાર ૬૯૬ મળી કુલ રૂ. ૪૯ હજાર ૯૩૬ નો મુદ્દામાલ ચોરી કરી લઈ જતા ઈડર પોલીસમથકે ગામના રમણલાલ છગનલાલ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે ચોરીનો ત્રીજો બનાવ હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ગીતા સોસાયટીમાં સોમવારે બપોરના ૧૨.૩૦ વાગેના તસ્કરોએ ત્રાટકીને બંધ મકાનનો દરવાજાનો નકુચો તોડી અંદરથી લાકડાના કબાટો તોડી નાખી તેમાંથી સોનાના દાગીના અને રોકડ મળી રૂ. ૮૫ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે મકાન માલિક દિગ્નેશકુમાર શાંતિલાલ પટેલે ફરિયાદ નોંધાવી હતી. તો ચોરીનો ચોથો બનાવ પ્રાંતિજના ચંચળબાનગર નજીક હાઈવે રોડ પર બન્યો હતો.

જેમાં પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારના પટેલવાસમાં રહેતા રવિકુમાર દિનેશભાઈ પટેલની અશોક લેલેન્ડ કંપનીનો આઈવા ટ્રક નંબર જીજે.૯.જેડ-૪૧૨૮ કિંમત રૂ. ૮ લાખનો રવિવારે રાત્રીના ચંચળબાનગર સામે મંદિર સામે પાર્ક કર્યો હતો. દરમિયાન વહેલી સવારે કોઈ ચોર ઈસમો ટ્રકની ચોરી કરી લઈ ગયા હતા. બનાવ અંગે રવિકુમાર દિનેશભાઈ પટેલે પ્રાંતિજ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે.


# પાલનપુર કોલેજનો ૨૪ લાખ કરવેરો ન ભરાતા પાલિકાએ પેવેલીયનને સીલ માર્યું

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાની પ્રતિષ્ઠિત પાલનપુર જી.ડી. મોદી કોલેજ સંકુલનું ૨૪ લાખ જેટલો કરવેરો બાકી હોવાથી આજે પાલિકાએ કોલેજ સંકુલના રોઝી બ્લ્યુ પેવેલીયન સીલ કરી દેતા જિલ્લાના શૈક્ષણિક આલમમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલીત પાલનપુરની જી.ડી. મોદી કોલેજનો છેલ્લા ઘણા વર્ષોથી કુલ ૨૪ લાખ કરવેરો બાકી હોઈ પાલિકા સત્તાધીશો દ્વારા વારા ફરતી પાંચ વખત નોટીસ પાઠવાઈ છતાં વેરો ભરપાઈ ના કરતા અને કોલેજ સત્તાવાળા તરફથી કોઈ જવાબ નહી મળતા આજરોજ બપોરના સુમારે પાલિકાના ૩૪ કર્મચારીઓની ફોજ તથા ૧૦ પોલીસ સ્ટાફ સાથે ટીમ જી.ડી. મોદી સંકુલમાં પહોંચી હતી અને કોલેજના ગ્રાઉન્ડ સાથે રોઝી બ્લ્યુ પવેલીયન સીલ કરી દીધું હતું. પાલિકા સત્તાધીશોએ કોલેજની મીલકત સીલ કરી બહાર નોટીસ પાઠવી છે. જેમાં ૧૧ દિવસમાં બાકીવેરાના નાણા ભરપાઈ નહી કરે તો જાહેર હરાજી કરવાની પણ ચેતવણી ઉચ્ચારી છે.

જો કે આ મામલે જી.ડી. મોદી કોલેજના પ્રીન્સીપાલ એસ.જી. ચૌહાણે મીડીયાને જણાવ્યું હતું કે ૧૩મી તારીખે આ બાબતે કોર્ટમા સુનાવણી છે ત્યારે રાહ ના જોઈ પાલિકાએ મીલકત સીલ કરી દેતા આ લોકશાહીનું ખુન સમાન છે તથા પાલિકા સત્તાધીશો દ્વારા કોલેજ દ્વારા અપાયેલ પત્ર પણ નહીં સ્વીકારતા આશ્ચર્ય વ્યકત કર્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



# તલોદ રેલવે સ્ટેશન નજીક બે રેલ અકસ્માતમાં બે ના મોત

તલોદ, તા. ૧૦

એ.પી. રેલવેના તલોદ રેલવે સ્ટેશન પંથકમાં છેલ્લા બે દિવસમાં થયેલા બે રેલ અકસ્માતોમાં એક મહિલા સહિત કુલ ૨ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા. કોઈ અગમ્ય કારણોસર તેઓ રેલવે ટ્રેક ઉપર આવી જતાં આમ જીવલેણ અકસ્માતનો ભોગ બન્યા હતા. અકસ્માતે મોતના આ બંને ગુનાની તપાસ હિંમતનગર રેલવે પોલીસના એ.એસ.આઈ. રેવાભાઈ ચલાવી રહ્યાં છે.

હિંમતનગરથી અમદાવાદ તરફ જતી બપોરની ૨.૫૦ કલાકની શટલ ટ્રેન નં. ૫૨૯૧૯ અપ અમદાવાદ તરફ જઈ રહી હતી ત્યારે પ્રાંતિજ તાલુકાના કેશરપુરના વતની રહીબા કપુરસિંહ ચૌહાણ (ઉ.વ.આ. ૩૮) નાઓ કોઈ અગમ્ય કારણોસર ટ્રેન નીચે આવી જતાં ભારે ગંભીર ઈજાઓનો ભોગ બન્યા હતા. જેમનું આખરે કરૂણ મોત નિપજ્યું હતું.

તેજ રીતે તલોદના મઠ વિસ્તારમાં રહેતા અને 'બોબી' તરીકે જાણીતા કડિયાકામની મજૂરી કરતા રતનસિંહ નાથુસિંહ વાઘેલા (ઉં.વ.આ. ૫૨)નું પણ રેલ અકસ્માતમાં ગતરોજ રાત્રીના કારમું મોત નિપજ્યું હતું. અમદાવાદથી હિંમતનગર જતી અને રાત્રે ૮.૫૫ કલાકે તલોદ રેલવે સ્ટેશને પહોંચતી ટ્રેન નં. ૫૨૯૨૨ ડાઉન તલોદ સ્ટેશન તરફ ગતિ કરી રહી હતી ત્યારે કોઈ અગમ્ય કારણોસર રેલની પટરીઓ ઉપર આવી જતાં ટ્રેનની જોરદાર ટક્કરનો રતનસિંહ ભોગ બન્યા હતા. તેઓના માથાના ભાગે ભારે ઈજાઓ પહોંચતા ગણતરીની મિનિટોમાં જ તેમનું પણ કરૂણ મોત નિપજ્યું હતું.

આમ તલોદ રેલવે સ્ટેશનના રેલવે ફાટક અને સ્ટેશન વચ્ચેની રેલ પટરીઓ ઉપર બે દિવસમાં ક્ષત્રિય પરિવારોના બે વ્યક્તિઓના આકસ્મિક મોત થતાં પંથક અને સમાજમાં સહજભાવે હાયકારાની લાગણી ઉદ્દભવી છે.

# શિહોરી મુકામે માનવ અધિકાર દિન નિમિત્તે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

શિહોરી, તા. ૧૦

ગુજરાત રાજ્ય સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ તેમજ બનાસકાંઠા જિલ્લા સેવા સત્તા મંડળના ઉપક્રમે માનવઅધિકાર દિન નિમિત્તે એક શિક્ષણ શિબિરનું આયોજન એમ.વી. વાલાણી હાઈસ્કૂલ શિહોરી ખાતે કરવામાં આવ્યું હતું.

આ શિબિરનું ઉદ્‌ઘાટન શિહોરીના પ્રિન્સીપાલ સીવીલ જજ આર.આર. મિસ્ત્રીએ દિપ પ્રગટાવી કર્યું હતું. આ શિબિરમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અધિકારો વિષે વકિલ અશ્વીનભાઈ શાહે માહિતી આપી હતી. વિશિષ્ટ નાગરીકોના અધિકારો વિષે વકીલ એચ.વી. દવે, સ્ત્રીઓના અધિકારો વિષે વકીલ પ્રકાશભાઈ જોષીએ, બાળકોના અધિકારો વિષે વકીલ બી.એચ. શીલ્વાએ, મફત કાનુની સહાય વિષે વકીલ એમ.આર. મકવાણાએ વિસ્તૃત માહિતી આપી હતી. અધ્યક્ષ સ્થાનેથી સીવીલ જજ આર.આર. મિસ્ત્રીએ દરેક માનવ અધિકારો વિષે સુંદર છણાવટ કરી હતી. આ શિબિરમાં મામલતદાર કાંકરેજ, શિહોરી સરપંચ હીરાજી ડાભી, વાલાણી હાઈસ્કૂલના પ્રમુખ સમુજી ડાભી, ઉપ પ્રમુખ જગદીશભાઈ આચાર્ય શિહોરી વકીલ મંડળના પ્રમુખ વી.એમ. શાહ તથા વકીલ મંડળ, આચાર્ય ડી.પી. ચિત્રોડીયા તથા હાઈસ્કૂલનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ તેમજ મહિલા સામખ્યના જીવીબેન અને મહીલાઓ તેમજ શિહોરી કોર્ટનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આભાર વિધિ એમ.વી. વાલાણી હાઈસ્કૂલના ઓફીસ સુપ્રિ. ભારતસિંહ ભટેસરિયાએ કરી હતી.

# ધનસુરામાં ગોકુલનાથજીનો પ્રાગટય મહોત્સવ ઉજવાયો

ધનસુરા, તા.૧૦

ધનસુરા ગોકુલનાથજી મંદિર ખાતે પુષ્ટીમાર્ગીય આદ્યચતુર્થ પિઠાધિશ્વર ગોકુલનાથજી દાદાના ૪૬૩માં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

મહોત્સવ પૂર્વે ગોકુલનાથજી મંદિરથી નિકળેલ ભવ્ય શોભા યાત્રા પરબડી ચોકમાં ફરી મંદિરમાં પરત પરી હતી. ઉત્સાવની ઉજવણીમાં વૈષ્ણવ ભાઈ બહેનોએ કળશભેટ વધાવી ઉત્સવના દર્શન કર્યા હતાં. પ્રાગટય મહોત્સવ ની સફળતામાં પ્રમુખ પિયુશભાઈ શાહ, ડૉ. મુકુન્દભાઈ શાહ, રજનીભાઈ શાહ, ડૉ. શિરીષભાઈ શાહ, કિરીટભાઈ શાહના પરિવારના સભ્યોએ તથા અન્ય હોદ્દેદારોએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્રમ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન